સંગ્રામ ગુજરાતનો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ રાજકીય પક્ષો હરકતમાં આવી ગયા હતા અને આગેવાનો અને કાર્યકરોએ ટીકીટ મેળવવા દોડધામ પણ શરૂ કરી દીધી હતી. અત્યારે લગભગ તમામ રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામોની જાહેરાત કરી દેવામાં આવી છે ત્યારે પક્ષોમાં ઉકળતાં ચરુ જેવી સ્થિતિ પણ જોવા મળી રહી છે. ભાજપ હોય કે કોંગ્રેસ કે આપ.. તમામ પક્ષોના ટીકીટવાંચ્છુકોને ટીકીટ ના મળતાં નારાજગી વ્યક્ત કરાઈ રહી છે. પ્રદેશ કક્ષાના કે પાર્ટીઓના નેતાઓને ડેમેજ કંટ્રોલ માટે ગુજરાત દોડી આવવું પડી રહયું છે. ત્યારે જે ઉમેદવારોના નામોની સત્તાવાર પાર્ટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે તેવા ઉમેદવારો પોતાના સમર્થકો સાથે શક્તિ પ્રદર્શન કરીને ઉમેદવારીપત્રો ભરી રહયા છે. અમદાવાદ ઘાટલોડીયાની બેઠક માટે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ઉમેદવારી નોધાવી ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ઉપસ્થિત રહયા હતા. મત વિસ્તારમાં પ્રભાત ચોકથી સોલા વિદ્યાપીઠ સુધી યોજાયેલા રોડ શોમાં હજારો કાર્યકરો, સમર્થકોની ભારે ભીડ વચ્ચે ભુપેન્દ્ર પટેલે ઉમેદવારી નોંધાવી હતી તો કોંગ્રેસના ઈમરાન ખેડાવાલાએ પણ જમાલપુર બેઠક ઉપરથી ઉમેદવારીપત્ર ભર્યું હતું.

અપક્ષ ઉમેદવારોની ભારે બોલબાલા

થોડાક મતોથી રાજકીય પાર્ટીઓના ઉમેદવારોનું ગણિત બગાડનાર અપક્ષ ઉમેદવારોની ખૂબ બોલબાલ રહી : અપક્ષ તરીકે ઉભા રહેવા અને ઉમેદવારીપત્ર પાછુ ખેંચવાના મોં માંગ્યા દામ અપાયા

ગાંધીનગર, તા. ૧૬

વિધાનસભાની ચૂંટણીનો ડ્રામા દિવસે દિવસે ભારે રોમાંચક બની રહ્યો છે. પ્રથમ તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રક પાછા ખેંચવાના છેલ્લા દિવસે અને બીજા તબક્કાના મતદાન માટે ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસે અપક્ષ ઉમેદવારોની ભારે બોલબાલા રહી હતી. નડે તેવા અપક્ષ ઉમેદવારોના ઉમેદવારીપત્રો પાછા ખેંચવા માટે અને બીજા ઉમેદવારોના મતોનુ ગણિત બગાડી શકે તેવા અપક્ષ ઉમેદવારોને ફોર્મ ભરાવવા તમામ રાજકીય પક્ષો સક્રિય રહ્યા હતા.

અપક્ષોની બોલબાલ આ ચૂંટણીમાં ખૂબ રહી છે. લગભગ બધી જ બેઠકો પર બે થી વધુ ઉમેદવારો અપક્ષ ઉમેદવારી કરી રહ્યા છે. અપક્ષ ઉમેદવારો ભલે ચૂંટણી જીતવા સક્ષમ ન હોય પરંતુ મજબુત ઉમેદવારોના મતોનું સમીકરણ ધારે તો બગાડી શકે તેટલા તો સક્ષમ હોય જ છે.

વિધાનસભાની ચૂંટણીઓમાં જ્ઞાતિ સમીકરણો ખુબ મોટો ભાગ ભજવતા હોઈ મોટી રાજકીય પાર્ટીના ઉમેદવારો પોતાની જ્ઞાતિનો કોઈ ઉમેદવાર અપક્ષ ઉમેદવારી ન નોંધાવે તેનું સતત ધ્યાન રાખતા હોય છે.

જો કોઈ ઉમેદવાર ઉમેદવારી નોંધાવે તો તેને ફોર્મ પરત ખેંચાવવા માટે ભારે દબાણ કરવામાં આવે છે. એવી જ રીતે સામેના પક્ષના સક્ષમ ઉમેદવારની સામે કયા ઉમેદવારની અપક્ષ ઉમેદવારી નોંધાવી મતોનુ સમીકરણ બગાડવુ તેના ગણિત પણ મંડાય છે.

અપક્ષ તરીકે ફોર્મ ભરનાર ઉમેદવારોનું ફોર્મ પરત ખેંચાવવા અને ક્યાંક ક્યાંક અપક્ષ ઉમેદવારોને ઉભા રાખવા માટે મોં માંગ્યા દામ ચૂકવાતા હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. ચૂંટણીના અવસરે કેટલાક અપક્ષ ઉમેદવારોને ઘી-કેળાં થઈ ગયા છે. મોટી રાજકીટ પાર્ટીના ઉમેદવારો મતોનું સમીકરણ બગાડતા અપક્ષો પાછળ લાખોનો ખર્ચ કરી રહ્યા છે.

કોંગ્રેસે ચૂંટણી માટે વધુ ૩૭ ઉમેદવારો જાહેર કર્યાં

અમદાવાદ, તા.૧૬

ગુજરાત કોંગ્રેસે વિધાનસભા ચૂંટણી માટે પોતાના ઉમેદવારોની નવી યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં કુલ ૩૭ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. એટલે કે કોંગ્રેસે પોતાના તમામ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે.

કોંગ્રેસે ૧૮૨ વિધાનસભા સીટમાંથી કુલ ૧૭૯ સીટો પર ઉમેદવારો જાહેર કર્યાં છે, જ્યારે ત્રણ સીટ પર તેનું એનસીપી સાથે ગઠબંધન છે. કોંગ્રેસે આજે જાહેર કરેલા ઉમેદવારમાં પાલનપુર-મહેશ પટેલ, દિયોદર-શિવાભાઈ ભૂરિયા, કાંકરેજ- અમૃતભાઈ ઠાકોર, ઊંઝા- અરવિંદ પટેલ, વિસનગર- કિરિટ પટેલ, બેચરાજી- ભોપાજી ઠાકોર, મહેસાણા- પીકે પટેલ, ભિલોડા-રાજુ પારઘી, બાયડ- મહેન્દ્ર સિંહ વાઘેલા, પ્રાંતિજ- બહેચરસિંહ રાઠોડ, દહેગામ- વખતસિંહ ચૌહાણ, ગાંધીનગર નોર્થ-વિરેન્દ્રસિંહ વાઘેલા, વિરમગામ-લાખાભાઈ ભરવાડ, સાણંદ-રમેશ કોળી, નારણપુરા-સોનલબેન પટેલ, મણિનગર-સીએમ રાજપૂત, અસારવા-વિપુલ પરમાર, ધોળકા- અશ્વિન રાઠોડ, ધંધુકા- હરપાલસિંહ ચુડાસમા, ખંભાત- ચિરાગ પટેલ, પેટલાદ- ડો. પ્રકાશ પરમાર, માતર-સંજય પટેલ, મહેમદાવાદ-જીવાસિંહ ગડાભાઈ, ઠાસરા-કિરિટભાઈ પરમાર, કપડવંજ-કાળુભાઈ ડાભી, બાલાસીનોર-અજીતસિંહ ચૌહાણ, લુણાવાડા-ગુલાબ સિંહ, સંતરામપુર-ગેંદલભાઈ ડામોર, શેહરા-કતુભાઈ પાગી, ગોધરા-રશ્મિતાબેન ચૌહાણ, કલોલ-પ્રભાત સિંહ, હાલોલ- રાજેન્દ્ર પટેલ, દાહોદ- હર્ષદભાઈ નિંનામા, સાવલી- કુલદીપ સિંહ રાઉજી, વડોદરા શહેર-ગુણવંતરાય પરમાર, પાદરા-જસપાલ સિંહ પઢિયાર, કરજણ-પ્રિતેશ પટેલનો સમાવેશ થાય છે.

રેશમા પટેલ અંતે એનસીપી છોડીને આપમાં જોડાઈ ગયા

ટોપી અને ખેસ પહેરી વિધિવત આપમાં પ્રવેશ કર્યો

ગોંડલ, તા.૧૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. દરેક પક્ષ જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આમ, ગુજરાતમાં હાલ ચૂંટણી માહોલ જામ્યો છે. જો કે, આ દરમિયાન ટિકિટને લઈને ઉમેદવારોની નારાજગી તથા વિરોધ પણ સામે આવી રહ્યો છે. જેમ-જેમ ચૂંટણી નજીક આવી રહી છે તેમ-તેમ નેતાઓનો પક્ષપલટો પણ શરૂ થઈ ગયો છે. ત્યારે વધુ એક નારાજ ઉમેદવાર રેશમા પટેલે એનસીપીમાંથી રાજીનામું આપી દીધુ છે. રેશમા પટેલે એનસીપીના તમામ સભ્યોપદેથી રાજીનામું આપી દીધુ છે.

રાજીનામા બાદ આજે રેશમા પટેલ આપ પાર્ટીમાં જોડાયા છે. રાઘવ ચઢ્ઢાની હાજરીમાં ટોપી અને ખેસ પહેરી વિધિવત પ્રવેશ કર્યો હતો.

રેશ્મા પટેલે એનસીપીથી ગોંડલ બેઠક માટે ટિકિટ માંગી હતી પરંતુ એનસીપીઅને કોંગ્રેસના ૩ બેઠકના ગઠબંધનને કારણે ટિકિટ મળવાનો કોઈ રસ્તો રહ્યો નહોતો તેથી તેઓ આ ગઠબંધનથી નારાજ હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે હવે રેશ્મા પટેલ આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે. તેમણે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલનો પણ સંપર્ક કર્યો હોવાની માહિતી મળી રહી છે.

આ અગાઉ કાંધલ જાડેજાએ પણ પોતાની નારાજગીના કારણે એનસીપીમાંથી રાજીનામું આપી દીધું હતું. કાંધલ જાડેજા છેલ્લા ૨ ટર્મથી કુતિયાણા બેઠક પરથી એનસીપીના ધારાસભ્ય હતા. કાંધલ જાડેજા ૨૦૧૨માં એનસીપીમાં જોડાયા હતા.

મધુ શ્રીવાસ્તવે ભાજપ સામે બળવો કરી દીધો

પાટીલ સાથે બેઠક બાદ પણ ન માન્યા મધુ શ્રીવાસ્તવ

મનાવવાના અનેક પ્રયાસો થયાં પરંતુ સફળતા મળી નહીં : મધુ શ્રીવાસ્તવ અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત કરી ચુક્યા છે

વડોદરા,તા.૧૬

ગુજરાતમાં ચૂંટણીની જોરશોરથી તૈયારી ચાલી રહી છે. પ્રથમ તબક્કાના મતદાન માટે તો દરેક ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી દીધી છે. તો કેટલીક જગ્યાએ ટિકિટ ન મળવા પાર્ટીઓમાં વિરોધ જોવા મળી રહ્યો છે. આ વચ્ચે વડોદરામાં ભારતીય જનતા પાર્ટીએ વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની ટિકિટ કાપી હતી. હવે મધુ શ્રીવાસ્તવે ભાજપ સામે બળવો કરી દીધો છે.

છ વખત ધારાસભ્ય રહેલા અને વડોદરાના બાહુબલી નેતા મધુ શ્રીવાસ્તવને આ વખતે ભારતીય જનતા પાર્ટીએ ટિકિટ આપી નથી. ભાજપની યાદી જાહેર થવાની સાથે મધુ શ્રીવાસ્તવે બળવો શરૂ કરી દીધો હતો. તેમને મનાવવાના અનેક પ્રયાસો થયાં પરંતુ પાર્ટીને સફળતા મળી નહીં. મધુ શ્રીવાસ્તવ અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત કરી ચુક્યા છે.

મધુ શ્રીવાસ્તવને મનાવવા માટે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલ તેમની સાથે વડોદરા એરપોર્ટ પર બેઠક કરી હતી. નારાજ મધુ શ્રીવાસ્તવને મનાવવા માટે પાટીલે તેમને એરપોર્ટ બોલાવ્યા હતા. બંને વચ્ચે એક કલાકથી વધુ સમય બેઠક ચાલી હતી. પરંતુ પાટીલનો આ પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલ સાથે બેઠક બાદ મધુ શ્રીવાસ્તવે પોતાના તેવર જાળવી રાખ્યા છે. તેમણે કહ્યું કે સતીષ નિશાળિયા ભલે માન્યા, પરંતુ હું મધુ શ્રીવાસ્તવ છું.

તેમણે કહ્યું કે, હું અપક્ષ ચૂંટણી લડવાનો છું અને આવતીકાલે ફોર્મ ભરીશ. નોંધનીય છે કે વડોદરામાં ટિકિટની જાહેરાત બાદ ભાજપના ત્રણ નેતાઓ નારાજ થઈ ગયા હતા. જેમાંથી માત્ર સતીષ નિશાળિયા માની ગયા છે.

મધુ શ્રીવાસ્તવને આ વખતે ભાજપે વાઘોડિયા બેઠક પરથી ટિકિટ આપી નથી. પરંતુ છ વખતથી ધારાસભ્ય રહેલા શ્રીવાસ્તવે પાર્ટી સામે બળવો કરી દીધો છે. હવે મધુ શ્રીવાસ્તવ અપક્ષ તરીકે ચૂંટણી લડવાના છે. આ સાથે દિનેશ પટેલ પણ અપક્ષ તરીકે મેદાનમાં ઉતરશે. એટલે કહી શકાય કે ભાજપ આ બંને નેતાઓને મનાવી શક્યું નથી.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનો ધમધમાટ

ભાજપે ખેરાલુ, માણસા અને ગરબાડાના ઉમેદવાર જાહેર કર્યા

વડોદરાની માંજલપુર બેઠકના ઉમેદવારની જાહેરાત બાકી

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માટે ભાજપે પોતાના વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યા છે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે. ગુજરાત ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. તમામ પક્ષો પોતાના ઉમેદવારો જાહેર કરી રહ્યા છે. ત્યારે ભાજપે વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે ખેરાલું, માણસા અને ગરબાડાથી ઉમેદવારો જાહેર કર્યા છે. ભાજપે વધુ ૩ ઉમેદવારો જાહેર કર્યાઃ ખેરાલુથી સરદારસિંહ ચૌધરી, માણસાથી જયંતિભાઈ, ગરબાડાથી મહેન્દ્રભાઈ ભાભોરને ટિકિટ આપવામાં આવી છે.

હવે ભાજપની માત્ર એક વડોદરાની માંજલપુર બેઠક પરથી ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ૧૮૨ બેઠકોમાંથી ૧૮૧ ઉમેદવારો જાહેર કરી દીધા છે. જેમાં અનેક નવા ચેહરાને તક આપી છે તો કેટલાક જૂના જોગીઓનું પત્તુ કપાયું છે. ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. પ્રથમ તબક્કામાં ૮૯ સીટો પર ૧ ડિસેમ્બરે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૯૩ સીટો પર મતદાન થશે. જ્યારે ૮ ડિસેમ્બરે ગુજરાત ચૂંટણીનું પરિણામ જાહેર થશે.

ચૂંટણી નજીક છે ત્યારે રાજકીય ગરમી

આપના સુરતના ઉમેદવાર કંચન જરીવાલાએ ઉમેદવારી પાછી ખેંચી

સુરતની ૧૬ બેઠકમાંથી આપની એક વિકેટ ડુલ થઈ, જરીવાલા પરિવાર સાથે ગાયબ થયા

સુરત, તા.૧૬

સુરતની પૂર્વ બેઠક પરથી આમ આદમી પાર્ટીમાંથી ચૂંટણી લડનારા ઉમેદવાર કંચન જરીવાલાએ આજે રહસ્યમય સંજોગોમાં ઉમેદવારી પાછી ખેંચી લેતા ૧૬ વિધાનસભા બેઠકમાંથી આપની એક વિકેટ ડુલ થઈ છે. સુરતની પૂર્વ બેઠક પર મંગળવારે ઉમેદવારી ફોર્મ ચકાસણી દરમ્યાન ભાજપના ઉમેદવારે ફોર્મ મંજૂરી સામે વધો લીધો હતો. જેના કારણે બે-ત્રણ કલાક સુનાવણી રજૂઆત થયા બાદ આખરે ચૂંટણી અધિકારીએ ફોમ મંજૂર કરતા વિવાદ શાંત પાડ્યો હતો.

દરમ્યાન આજે સવારથી જ આમ આદમી પાર્ટીના આ ઉમેદવાર કંચન જરીવાલા પરિવાર સાથે ગાયબ થઈ ગયા હતા જે અંગે આપના પ્રદેશ અધ્યક્ષ ઈશુદાન ગઢવી એ પણ ટ્વીટ કરીને જાણકારી આપી હતી કે સુરત પૂર્વના આપના ઉમેદવાર કંચન જરીવાલા પરિવાર સાથે ગાયબ થઈ ગયા છે. આ બાબત અંગે પૂર્વ વિધાનસભાના અધિકારીનો સંપર્ક કરતા આપના ઉમેદવાર કંચન જરીવાલાએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આવતીકાલ ગુરૂવારે ઉમેદવારી ખેચવાની છેલ્લી તારીખ હોવાથી હજુ કોણ ખેંચે છે. તેને લઈને તેમજ આપના ઉમેદવારે શા માટે ઉમેદવારી પછી ખેંચી લીધી તે રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો છે.

આસાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારીપત્ર રજુ કર્યા છે. આ ઉપરાંત આદિ ભારત પાર્ટીના સૌરભ પટેલ, ગરવી ગુજરાત પાર્ટીના ઠાકોર ભૂપતસિંહ તેમજ અપક્ષ તરીકે પોપટજી ઠાકોરે ઉમેદવારી પત્ર રજુ કર્યા છે.

જિલ્લામાં હવે ઉમેદવારીપત્ર ભરવાની આડે ૨૪ કલાક કરતાં પણ ઓછો સમય છે પણ ૫૬થી વધુ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યુ છે. જિલ્લામાં બહુકોણીય જંગનું ચિત્ર હાલ ઉપસી રહ્યુ છે. આજે સૌથી વધુ ફોર્મ ગાંધીનગર (ઉ) બેઠક પર ઉપડ્યા છે જેની સંખ્યા ૨૧ છે.

ભાડાની આવક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચુકવવામાં કસુર કરનાર સામે કોર્ટ કેસ દાખલ કરવા સહીતના કડક પગલા પણ લેવામાં આવી રહ્યા છે. હાલમાં અંદાજિત ૨૦૦ થી વધુ કેસ ઈવિકશન કોર્ટમાં દાખલ છે. તો બીજીતરફ ભાડા વસુલી મામલે કડક કાર્યવાહીના અંતે સંસ્થાઓ સહીતના આવાસોના ભાડા વસુલવા અન્વયે સંસ્થાઓને ફાળવવામાં આવેલા મકાનોના ભાડા સંદર્ભે આવક ૩ કરોડ જેટલી થાય છે. શહેરમાં એકબાજુ સરકારી આવાસો કંગાળ હાલતમાં છે. મોટાભાગના આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી છે. જયારે નવા આવાસો બાંધવા માટે પણ ઝડપથી આયોજન કરવામાં આાવતુ નથી જેના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાની પ્રક્રીયા પણ મંદ પડી ગઈ છે.

ચાર ફરિયાદો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વાભાવિક રીતે જ ઘટી ગયો છે. જેના લીધે પાણીના સપ્લાયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જો કે હાલ સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામતી નથી પરંતુ પાણીની લાઈનમાં લીકેજીસની સમસ્યા વધતા તંત્ર માટે નવી સમસ્યા ઉભી થઈ છે. સેકટરોમાં રોજબરોજ પાણીની લાઈનમાં લીકેજીસ થતુ હોવાની ફરિયાદો વધી છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના સેકટરોમાં રોજબરોજ પાણીની લાઈનમાં લીકેજીસ થતુ હોવાની ત્રણ થી ચાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આ ફરિયાદો જુના સેકટરોની સાપેક્ષમાં નવા સેકટરોમાં વિશેષ છે. જયારે આ ફરિયાદોને નિવારવા માટે તંત્ર કક્ષાએથી ટીમ બનાવામાં આવી છે. સવારે ફરિયાદનુ નિરાકરણ લાવવા માટે ટીમ સ્થળ પર પહોંચી કામગીરી શરૂ કરી દે છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ શિયાળામાં પાણીનો વપરાશ ઘટવાની સાથે લાઈનમાં પાણીનુ પ્રેશર વધ ઘટ થાય છે. જયારે બીજીતરફ સેકટરોમાં પાણીની લાઈન પણ વર્ષો જુની હોવાના લીધે તુરંત જ લીકેજીસ થાય છે. આ સ્થિતિ વચ્ચે હાલ નવી લાઈનો નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સ્માર્ટ સીટીના પાણીના પ્રોજેકટના અંતે લીકેજીસની સમસ્યાનુ પણ કાયમી નિરાકરણ આવી જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

સતર્ક બન્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સી.વીજીસ એપ પર ૧૬ ફરિયાદો મળી છે. આ એપ પર મળેલ ફરિયાદો ૧૦૦ મિનિટમાં દૂર કરવામાં આવે છે.

આ ઉપરાંત ૨૪ બાય ૭ મતદાર હેલ્પલાઈન પર નવ જેટલી ફરિયાદો મળી છે. હવે ઉમેદવારો બધા જાહેર થયા બાદ તંત્ર વધુ સતર્ક બની ગયુ છે. ઉમેદવારીપત્ર ભરવાનો ગુરૂવાર એ છેલ્લો દિવસ છે.

અવકાશયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિક્રમા કરશે અને ચંદ્ર પર બરફના ભંડારની શોધ કરશે અને જેનો ઉપયોગ ચંદ્ર પર જનારા ભાવિ પ્રવાસીઓ કરી શકશે.

ઓરિયન અવકાશયાનને ધીમું કરવા માટે તેના ઓનબોર્ડ થ્રસ્ટર્સને ફાયર કરશે અને ચંદ્રના ગુરુત્વાકર્ષણને તેને ભ્રમણકક્ષામાં પકડી રાખવામાં મદદ કરશે. આ તબક્કા દરમિયાન, ઓરિઅન ચંદ્રથી લગભગ ૭૦ હજાર કિલોમીટરની મુસાફરી કરશે અને પૃથ્વીથી સૌથી દૂર સુધી પહોંચશે. આ દરમિયાન, જો તેમાં અવકાશયાત્રીઓ હોત, તો તેઓએ દૂરથી પૃથ્વી અને ચંદ્રનો ભવ્ય નજારો જોયો હોત. ઓરિઓન ચંદ્રની ભ્રમણકક્ષામાં છ થી ૨૩ દિવસ વિતાવશે, ચંદ્રની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળવા અને પૃથ્વીના માર્ગ પર પાછા ફરવા માટે તેના થ્રસ્ટર્સને વધુ એક વખત ફાયરિંગ કરશે.

બ્લુ ટિક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈલોન મસ્કના હાથમાં ટ્વિટરની કમાન આવ્યા બાદ તેણે ઘણા ફેરફારો કર્યા છે. માલિકી હક્ક મળતા જ તેણે સૌથી પહેલા કંપનીના સીઈઓ સહિત અનેક અધિકારીઓને બહારનો રસ્તો બતાવ્યો.

ભારત જોડો યાત્રાનો લાભ ખાંટવા રાહુલ ગુજરાતમાં પ્રચાર કરશે

ગુજરાત ચૂંટણી ભાજપ-કોંગ્રેસ વચ્ચે રહી છે પરંતુ આપની એન્ટ્રીથી જંગ ત્રિકોણીય સ્વરૂપ લેતો જોવા મળી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૬

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આમાં સામેલ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનું નામ પણ ચર્ચામાં છે. જો કે હિમાચલ પ્રદેશ ચૂંટણીની યાદીમાં પણ તેમનું નામ હતું પરંતુ તેઓ પ્રચાર માટે પહોંચી શક્યા નહોતા. હવે તેઓ પાર્ટીના પ્રચાર માટે ગુજરાત આવશે તેવા અહેવાલ છે. આવી સ્થિતિમાં સવાલ એ છે કે 'ભારત જોડો યાત્રા'ની વચ્ચે વાયનાડના સાંસદ ગુજરાત શા માટે આવશે? રાહુલ ગાંધીના ગુજરાતમાં પ્રચાર પાછળ આ ૬ કારણો જવાબદારના હોઈ શકે.

મળતી માહિતી પ્રમાણે, રાહુલ અને તેમના સલાહકારોને લાગે છે કે ભારત જોડો યાત્રાની અસર પાર્ટીના પ્રદર્શનને વધુ વેગ આપી શકે છે. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં રાહુલે હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણી સાથે રેલીઓ કરી હતી અને પાર્ટીએ સારૂ પ્રદર્શન કર્યું હતું. જો કે આ વખતે નેતા હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર ભાજપસાથે જોડાઈ ગયા હોવાથી 'ભારત જોડો' યાત્રાની અસર કોંગ્રેસની મદદ કરી શકે છે.

સામાન્ય રીતે ગુજરાતની ચૂંટણી ભાજપઅને કોંગ્રેસ વચ્ચે જ રહી છે પરંતુ આ વખતે આપની એન્ટ્રીથી રાજકીય જંગ ત્રિકોણીય સ્વરૂપ લેતો જોવા મળી રહ્યો છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વનું માનવું છે કે આપરાજ્યમાં ગતિ મેળવી રહી છે. આપવર્તમાન રાજકીય પરિદ્રશ્યમાં કોંગ્રેસ માટે સૌથી મોટો ખતરો બની રહી છે અને પાર્ટીને સમજાઈ ગયું છે કે અત્યારે આપનો મુકાબલો નહી કરી શકીએ તો પછી ક્યારેય કરી નહીં શકીએ અને રાહુલ ગાંધી આપનો મુકાબલો કરી શકે છે.